INTERNATIONAL RESEARCH JOURNAL OF HUMANITIES AND INTERDISCIPLINARY STUDIES
( Peer-reviewed, Refereed, Indexed & Open Access Journal )
DOI : 03.2021-11278686 ISSN : 2582-8568 IMPACT FACTOR : 5.828 (SJIF 2022)

# દલપતરામ કૃત મિથ્યાભિમાનની સમીક્ષા

# (A Review of Mithyabhiman by Dalpatram)

**પ્રા. રાજેન્દ્રકુમાર એ. પંચાલ**
એસો. પ્રોફેસર
અધ્યક્ષ ગુજરાતી વિભાગ (યુ.જી/પી.જી)
શ્રીમતી. એમ.સી.દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, પ્રાંતિજ

**DOI No.** 03.2021-11278686 **DOI Link ::** https://doi-ds.org/doilink/04.2022-52336917/IRJHIS2204008

**પ્રસ્તાવના :**

નાટકની વાત કરવી હોય તો આપણે સૌ જાણીએ છીએ નાટક એટલે શું ? તેનો અર્થ, તેની વ્યાખ્યા. તેમ છતાંપણ આપણે નાટકનો અંગ્રેજી અર્થ થાય "Drama" જે ગુજરાતી નાટક તરીકે પ્રસ્તુત થયેલા આ સ્વરૂપમાં "ભજવણી-તખ્તાલાયક' અગત્યનું પાસું મનાય છે.નટસમૂહ દ્વારા રંગભૂમિ પર પ્રસ્તુતિ યોગ્ય સંવાદોમાં રચવામાં આવેલી કૃતિ એટલે નાટક.

સામાન્ય રીતે નાટક દ્વિજ–સાહિત્ય સ્વરૂપ છે. કારણ કે સૌપ્રથમ સર્જકના મનમાં રચાય છે. ત્યારબાદ નિદર્શકના સૂચનો થકી મંચ ઉપર ભજવાય છે. જયારે તે તખ્તા ઉપર ભજવણી થાય ત્યારે પૂર્ણતા પ્રાપ્ત નાટક પામે છે. સાહિત્યના મૂળભૂત પ્રકારોમાં નાટકનો પ્રતિભાશીલ અભિવૃત્તિને સ્વીકારીને ચાલતો સાહિત્ય પ્રકાર છે.જેમાં વિષયવસ્તુના સંદર્ભે નાટકનું વસ્તુ, નાટકના પાત્રો, નાટકના સંવાદો, ભાષાશૈલી, સ્થળ, કાળ-વાતાવરણ, વગેરેમાં નિરૂપણથી થાય છે.

આ વાત થઈ નાટક શબ્દ, અર્થ વ્યાખ્યા અને સ્વરૂપગત લક્ષણની મારે વાત આજે દલપતરામના "મિથ્યાભિમાન" 'ની કરવી છે.

**શબ્દસુચી:-** મિથ્યાભિમાન, દલપતરામ, નાટક, રંગમંચ

નાટકની હરીફાઈમાં રૂપિયા સોના પારિતોષિક માટે દલપતરામ આ નાટક રચે છે. આ વાત એટલે જાણવી જરૂરી છે. કારણ કે કચ્છ માંડવીના એક સદગૃહસ્થ ઠક્કર ગોવિંદજી સ્કોટ સાહેબને જણાવે છે કે આ આખા નાટકમાં અધૃતઃ છૂટક કવિતા જોવામાં આવે છે, "મિથ્યાભિમાન' એ અસાઈતની ભવાઈની સાથે સીધું અનુસંધાન છે. કારણ કે ગુજરાતમાં હજી લોકનાટક ભવાઈનું સ્વરૂપ જ દશ્યસ્વરૂપમાં ઉપલબ્ધ હતું. એ નમૂનાને આધારે તેઓ સંવાદ રચના પ્રેરાય છે. રૂપાંતર હોવા છતાં એ આપણું પહેલું ગુજરાતી નાટક ગણાય છે.

– પ્રો. જશવંત શેખડીવાળા નોંધે છે કે એમાં એમને કાર્બસ સાહેબે મદદ કરેલી એ ખરું, પણ કથાવસ્તુના રૂપાંતરમાં પાત્રોના નામકરણમાં વેધક સંવાદોની રચનામાં અને પ્રવેશોની સંકલનમાં કવિએ જે સૂક્ષ્મ કલાસૂઝ બતાવી છે.એનું મૂલ્ય ઓછું નથી. (પે.38 – અ.ગુ. સાહિત્યનો ઈતિહાસ, આદર્શ પ્રકાશન:અમદાવાદ.)

– અંગ્રેજી ગ્રંથના આધારથી ગુજરાતીમાં એક નવો ચીલો પાડી ત્રવાડી દલપતરામે એ.કે.ફારસ સાહેબની સહાયતાથી ગુજરાત વર્નાકયુલર સોસાયટીને માટે બનાવ્યું છે. એમ શિલા છાપમાં છપાયેલા નાટકના આરંભમાં નોંધ મૂકેલી છે. - (પે.38 – અ.ગ્. સાહિત્યનો ઈતિહાસ)

– દલપતરામે આનું નામ "ભૂંગળ વિનાની ભવાઈ" આપેલું, અહીં ભવાઈનો રંગલો છે. - (પે.63, શબ્દસૃષ્ટિ, 1લી જુલાઈ, 2015)

– "મિથ્યાભિમાન" આજે પણ આર્ચન ત્રિવેદીના નટને જીવરામ ભટ્ટ બનવા લલચાવે છે.- (પે.63, શબ્દસૃષ્ટિ, 1લી જુલાઈ, 2015)

આમાં મનૃષ્યગત મિથ્યાભિમાનનો દોષ ઉપહાસ યોગ્ય લેખાયો છે અને આજેય જીવરામ ભટ્ટ જેવા માણસોનો આ જગતમાં તોટો નથી. મિથ્યાભિમાન એ દલપતરામની ઈ.સ. 1870 માં રચાયેલ નાટયકૃતિ છે. જે આઠ અંક અને પંદર પ્રવેશમાં વિસ્તરેલું નાટક ગુજરાતી નાટકોના પૂર્વજ તરીકે યોગ્ય સ્થાન ધરાવે છે. જીવરામ ભટ્ટ મૂર્ખ છતાં મિથ્યાભિમાની છે. તેઓ આંધળા છે. પાડીનું પૂંછડું પકડીને સાસરીએ આવવા નીકળેલા ભટ્ટ એકવાર તો ખાડામાં પડી જાય છે. સાસરીમાં પણ પોતાના દંભ અને અભિમાન છોડતા નથી. રાત્રિના સમયે ભોજન કરવા સાસરીમાં બેસે છે ત્યારે સાસુને પાડી સમજી લાત મારે છે. રાત્રિના અંધકારમાં ચોર શોધવા નીકળેલા સિપાઈ જીવરામ ભક્ટને ચોર સમજીને પકડી જાય છે. આવા કેટલાયે પ્રસંગોમાં ભટ્ટ સૌની ઉપહાસનું પાત્ર બનતા રહે છે. એકાધિક રમૂજસભર પરિસ્થિતિઓ, ગોટાળાઓ અને માર્મિક સંવાદોમાં ચમકતી ઉકિતઓ આખાયે નાટકને સતત રસવાળી અને જીવંત રાખે છે.

નાટકની પ્રસ્તાવનામાં કર્તાએ જણાવ્યું છે કે, "આ નાટકમાં મુખ્ય તો મિથ્યા દૃષ્ટિ અભિમાનનો ચિતાર આપેલો છે; પણ તેમાં ધનાભિમાન, લેખક ગુણાભિમાન, ધર્માભિમાન, વિધાભિમાન,

યૌવનાભિમાન, કુલઅભિમાન, રૂપાભિમાન અને મિથ્યાજ્ઞાનાભિમાન આદિકના દાખલા પણ આપેલા છે." ભરપૂર નિર્દોષતા મનોરંજન પૂરું પાડતી આ કૃતિ સરસ નાટયકૃતિ બની રહી છે.

દલપતરામની નાટયસૂઝ અને જીવંત પાત્રાલેખનશકિત સાથે બોધ આપવાનું તેમનું પ્રયોજન બરાબર સિદ્ધ થાય છે. આ કૃતિમાં એક બાજુ ગુજરાતનું લોકનાટય એવા ભવાઈ સ્વરૂપને નજરમાં રાખવામાં આવ્યું છે. તો બીજી બાજુ નાન્દી, સૂત્રધાર, વિષભંક અને પદ્યસંવાદ વગેરે અંગો થકી કવિ સંસ્કૃતિ નાટયશૈલીને અનુસરે છે. દલપતરામ રંગલાના શ્લોકમાં જે ગુજરાતી સંસ્કૃત ભેગુ કરી આપે છે એ પણ એમની સૂક્ષ્મ હાસ્યસમજ દેખાય છે. નાટકમાં પદ્યને કયાં ઉપયોગ કરવો તે પણ નમૂનો પૂરો પાડે છે.

એ ઉપરાંત અંકો, પ્રવેશોની યોજના, કોમિક (રમુજ), સિચ્યુએશન્સ, પાત્રાલેખન વગેરે જોતાં પાશ્ચાત્ય નાટયશૈલીનો પણ દલપતરામને પરિચય હતો તેમ દેખાય છે.

આ નાટક લખતા અગાઉ પારસી નાટક મંડળીના નાટક (રૂસ્તમ સોહરાબ એદલજી ખોરી) નાં ગીતો કવિએ લખેલા છે. એ દર્શાવે છે કે નવી રંગભૂમિનો દલપતરામને આછોપાતળો પરિચય હતો. અનેકવાર ભજવણી પામેલું, તખ્તાલાયકીની દૃષ્ટિએ સફળ નાટક થોડાંક ગુજરાતી નાટકોમાં નોંધપાત્ર ગણાય.

મંડળીનો ઉપરી, વૃદ્ધ અને જેનો ભારબોજ પડે એવો સૂત્રધાર જોઇએ. તેને વિચિત્ર વેષ ધરવાની જરૂર નથી, સાદો વેષ જોઈએ, પ્રથમ તેણે રંગભૂમિમાં જઇને મંગળાચરણ કરવું તથા નાટકનો સાર સૂચનારૂપે કહી સંભળાવવો. પછી નાટકના અંત સુધી રંગભૂમિમાં રહેવું, ને સભા તરફ તથા પાત્રો તરફ સંભાળ રાખવી. પાત્રોને ઝટ દાખલ કરવાં, ગાનારને વખતે ગાવાની સૂચના કરવી, તથા જોનારાઓમાં કોઇ કાંઇ ગરબડ કરતું હોય, તો તેનો બંદોબસ્ત કરવાનું સૂત્રધારનું કામ છે. પાત્રને કે ગાનારને ઇશારતથી સૂચના કરે, તે સભાસદોને ખબર પડવા દે નહિ. ખેલથી સભાસદોને કેવી અસર થાય છે, તે પોતાના ધ્યાનમાં રાખે. કોઇ વખાણે કે વખોડે, તે કાન ધરીને સાંભળી લે. છેલ્લી વારે નાટક સમાપ્તિ વિષે ભાષણ કરે, અને તેમાંથી જે શિખામણ લેવાની હોય તે સમજાવે.

એ પડદા તરફ ખેલ જોનારા લોકોને બેસવા દેવા નહિ; કારણ કે તે રંગભૂમિનો દરવાજો છે, એમ જાણવું.

બીજો મોટો પડદો અદ્ધર લટકાવેલો કે કનાત, અથવા છૂટો પડદો એવો જોઈએ કે નાટકનો અંક પૂરો થતાં જ્યાં લખ્યું હોય કે પડદો પડ્યો, તે સમે પાત્રને બોલવાનો છેલ્લો શબ્દ પૂરો થતાં ઝડપથી પડદો પડે, ત્થી સઘળામ્ પાત્રો અદર્શ થઈ જાય ; ફક્ત સૂત્રધાર અને ગાનારા સભાસદોની નજરે પડે, એમ રંગભૂમિની તૃતીયાંસ જગા તે પડદાથી અદર્શ થવી જોઇએ. તેની પાછળ નવા અંકના પાત્રોની ગોઠવણી થયા પછી, ઝડપથી તે પડદો ઉઘડે. ખેલમાં જંગલનું સ્થળ કલ્પવું હોય, ત્યારે ઝાડના ડાળાં કે

મોટાં ઝાડોના ચિત્રોવાળો પડદો ગોઠવવો; અને સમુદ્ર સ્થળ કલ્પવું હોય તો તેવાં ચિત્રાઅલો પડદો ગોઠવવો જોઇએ. જોનારા પુરૂષો અને સ્ત્રીઓને બેસવાની જૂદી જગાની હદ નક્કી કરી રાખવી.

આ નાટકનો ખેલ કરતાં આટલો સામાન જોઇએ. ચાર વૃદ્ધ અને પાંચ જુવાન, એ રીતે સૂત્રધાર સુદ્ધાં નવ ખેલાડી, અને નરઘાં સારંગી સાથે ગાનારા ત્રણ મળી કુલ બાર જણા હોય ત્યારે આ નાટક કરી શકે.

હાસ્યરસ ચાર પ્રકારનો છે.

નેત્ર કપોળ વિકસે અને લગાર દાંત દેખાય તે" હસિતા" નામે હાસ્ય; અને તે ઉત્તમ છે.

નેત્ર કપોળ સંકોચાય, મધુર શબ્દ થાય અને બધા દાંત દેખાય તે "વિકૃસિત " નામે હાસ્ય છે. ॥

ઊંચે સ્વરે ખડખડ હસે, ડોક વાંકી થઇ જાય, કેડ લચકાય અને હથ સંકોચાય, તે "ઐતિહસિતં

હસીને બોલે, પડી જાય, આંસુ આવે, માથું ધુણે, તાળી દે, તે "૩પહસિત " એ છેલ્લા બે પ્રકર અધમ છે. વળી ઉત્તમ મધ્યમ, અને અધમ જાતનાં માણસોના ઉપર લખેલા દરેકને ચચ્ચાર ભેદ ગણતાં હાસ્યના બાર ભેદ થાય છે.

હાસ્યમાં બીભત્સનો ભાવ મિશ્રિત હોય તે " હાસ્યારસામાસ" કહેવાય. એ સર્વે પ્રકારના ભેદ આ નાટકમાં છે. જે બીભત્સક્રિયા કરીને, કે બીભત્સ બોલીને, એટલે ગાળ દઇને, ટુંકારા કરીને લોકોને હસાવે, તે વખાણવા યોગ્ય હાસ્યરસ નહિ, પણ હાસ્યરસાભાસ કહેવાય; અને હાસ્યરસના વખતની દ્રષ્ટિનું નામ હ્રષ્ટા છે.

રસગ્રંથમાં હાસ્યરસનો રંગ શ્વેત, અને દેવ, કુબેરભંડારી લખ્યો છે. મિથ્યાભિમાન મોટો દુર્ગુણ છે, તેનો નાશ કરવા સારુ જે ગૃહસ્થે આ પુસ્તક રચાવ્યું, તેનો ઉપકાર સર્વે લોકોએ માનવો જોઇએ. હરેક માણસ સર્વે પ્રકારનું જ્ઞાન મેળવી શકે નહિ, એવો ઇશ્વરી નિયમ છતાં, કેટલાક લોકો સુંઠનો ગાંગડો મળવાથી ગાંધી થઈ બેસે છે, તે મિથ્યાભિમાની કહેવાય. સોનીથી દરજીનું કામ થઈ શકે નહિ, અને સોયનું કામ તરવારથી થઇ શકે નહિ. તેમજ મોટા વિદ્વાનોએ સર્વે કળા જાણવાનું અભિમાન રાખવું નહિ; કેમકે જેનું કામ જેથી થાય. કહ્યું છે કે -

*શેદ્ર (1)

સદા સોયનું સોયથી કામ થાય + કરી શું શકે આંખનું કામ કાન ? ધરે માનવી મૂર્ખ મિથ્યાભિમાન

જેમ નાટકમાં કહેલો જીવરામભટ્ટ અનુષ્ટાન કરવાને બહાને રોજ રાતે ઘરમાં પેસીને સૂઈ રહે છે, તેવી જ રીતે આ વખતના મિથ્યાધર્માભિમાનીઓ ઊપરથી લોકોને ધર્મનો ઢોંગ બતાવે છે, અંદરખાને પોલેપોલું રાખે છે. આજના પંડિતો વિષે કહ્યું છે કે -

આ અષ્ટાંકી નાટકમાં મુખ્ય તો મિથ્યાદ્રષ્ટિ અભિમાનનો ચિતાર આપેલો છે; પણ તેમાં મિથ્યા ધનાભિમાન, લેખકગુણાભિમાન, ધર્માભિમાન, વિદ્યાભિમાન, યૌવનાભિમાન, કુલાભિમાન, રૂપાભિમાન અને મિથ્યાજ્ઞાનાભિમાન આદિકના દાખલા પણ આપેલા છે.

મારા લખવામાં ભૂલ આવે જ નહિ, એવું મિથ્યાભિમાન હું રાખતો નથી, માટે ભૂલચૂકની વિદ્વાનો પાસે માફી માંગું છું.

હાસ્યરસના નાટકમાં પાત્રો એવાં જોઈએ કે પોતપોતાના ગુણને મળતો પોશાક, તેની વાણી અને વાક્ય બોલતાં અંગના ચાળા પણ તેવાજ કરી જાણે, કે જેથી જોનારાઓને હાસ્યરસ ઉઅપજે, અને પોતે તો દાંત દેખાડે નહિ. જ્યાં પાત્રોને હસવાનું લખ્યું હોય ત્યાં જ હસે.

રસગ્રંથમાં હાસ્યરસનો રંગ શ્વેત, અને દેવ, કુબેરભંડારી લખ્યો છે. મિથ્યાભિમાન મોટો દુર્ગુણ છે, તેનો નાશ કરવા સારુ જે ગૃહસ્થે આ પુસ્તક રચાવ્યું, તેનો ઉપકાર સર્વે લોકોએ માનવો જોઇએ.

મિથ્યાભિમાનીના અવગુણ દેખાડવામાં હાસ્યરસ જ જોઈએ, માટે નિબંધ રચાવનાર ગૃહસ્થે યોગ્ય રસ પસંદ કર્યો છે. મેં સાંભળ્યું છે કે તે ગ્રહસ્થ કચ્છના મોટા સંઘ સાથે ગોકુળ, મથુરા, કાશી વગેરેની જાત્રા કરવા ગયા હતા. તે સંઘમાં તથા તીર્થક્ષેત્રોમાં ધન, વિદ્યા અને ધર્મના મિથ્યાભિમાનીઓ તેમના જોવામાં ઘણા આવ્યા, તેથી વળતાં તેમણે ધાર્યુંકે અમદાવાદમાં જઇને મિથ્યાભિમાનીઓને શિખામણ લાગે એવું મશ્કરીભરેલું નાટક સારા વિદ્વાન પાસે ઈનામ આપીને રચાવું, કે જેથી લોકોનું ભલું થાય.

પછી તેમણે અમદાવાદમાં આવીને એક વિદ્વાનને કહ્યું કે તમેજ સૌથી સરસ પુસ્તક રચી શકશો એવી મારી ખાત્રી છે, માટે આ ઈનામ લઇને રચી આપો. પછી તે વિદ્વાને તેમને સલાહ આપી કે સોસાઈટીની મારફતે જાહેરખબર છપાવશો તો મુંબાઇ, સુરત વગેરે હરકોઇ ઠેકાણેથી સરસ નાટક લખાઇ આવશે. આ ઉપરથી તેમણે તેમ કર્યું.

આપણા દેશના ભવાયા લોકો નાટક કરે છે તેમાં બિભત્સ શબ્દો બોલે છે, તેથી તે સારાં માણસોને જોવા લાયક નથી, માટે સુધરેલાં નાટકનાં પુસ્તકોની ગુજરાતી ભાષામાં ઘણી જરૂર છે.

હવે હાસ્યરસનું લક્ષણ લખું છું. સ્થાયીભાવ, વિભાવ, અનુભાવ અને સાત્વિકભાવ, એ ચાર વાનાં હોય ત્યારેજ હરેક રસ સંપૂર્ણ થાય છે. જેમ દંપત્તિની રતિ, તે શૃંગારરસનો સ્થાયીભાવ છે, તેમ હસવા લાયક પ્રકૃતિ તે હાસ્ય રસનો સ્થાયીભાવ છે; અને હસવા જેવી સ્વનિષ્ઠ કે પરનિષ્ઠ એટલે પોતાનામાં કે બીજામાં, ચંચળતા, નિર્લજ્જતા, વિકૃતવેષ વિકૃતવાણી, મિથ્યા પ્રલપન, વ્યંગદર્શન, મૂઢતા, દૂષણકથન તથા છળકરણ એટલાં વાનાં હાસ્યરસના વિભાવ છે. રસની ઉત્પત્તિનાં કારણો તે વિભાવ કહેવાય.

ઓઠ, નાક કે કપાળ ચળે, અથવા દ્રષ્ટિ કે માથું ઊંચુ નીચું થાય તે હાસ્ય રસના અનુભાવ છે, અને

શ્લોક

સ્તંભ: પ્રાયરોમાંચી, સ્વેવો વૈવર્થવેપથૂ। अश्रुवैस्वयमित्यष्टौ सात्त्विका: परिकीर्तिता: ॥२॥

અર્થ- અક્કડ થઇ જાય, લીન થઇ જાય, રૂંવાટા ઉભાં થાય, પરસેવો વળે, ડોળા ફરી જાય, ધ્રૂજ છૂટે, આંસૂ પડે અને સ્વરભંગ થાય એ આઠ સાત્વિક ભાવ કહેવાય.

अत: शात्का वहि: शैवा: सभामध्येतु वैष्णवा:।

અર્થ- છાને ખૂણે વામ માર્ગ પાળે, લોકો દેખતાં શિવની પૂજા કરે, અને સભામાં ભાગવતની કથા વાંચવા જાય ત્યાં વૈષ્ણવનો વેશ રાખે છે; ને વાદ વદવામાં જીવરામ ભટ્ટના જેવા વાચાળ હોય છે. તેમજ મિથ્યાભિમાનીઓ પણ જીવરામ ભટ્ટની પેઠે ખાલી ઢોંગ કરીને લોકોને જણાવે છે કે, અમે ધનવાન છીએ, અમે વિદ્વાન છીએ. પણ તે સર્વેએ સમજવું કે છેલ્લીવારે જીવરામભટ્ટની ફજેતી થઇ, તેવીજ ફજેતી હરેક પ્રકારના મિથ્યાભિમાનીની થયા વિના રહેતી નથી. માટે આગાળથી જ સમજીને મિથ્યાભિમાન રાખવું નહિ. સુપાત્ર માણસ જેમ જેમ ગુણ મેળવતો જાય, તેમ તેમ નમ્રતા વધારે રાખતો જાય, અને હલકા માણસો જ છકી જાય છે.

"મિથ્યાભિમાન' દલપતરામને કવિ યશ અપાવે એવી નાટયકૃતિ બની છે. નાટકના મુખ્ય પાત્ર જીવરામ ભટ્ટની તમામ નબળાઈઓ અને આડંબરને સંવાદના પ્રત્યેક વાકય દ્વારા નાટયક્ષમ બનાવીને વિદૂષક તરીકે આવતો રંગલો પણ આ નામનું જીવંત પાત્ર બની રહે છે.

આખાય નાટકમાં પાત્રાનુસારી ભાષા તો છે જ, પણ જીવરામ ભટ્ટ જેવું ટાઈપ કેરેકટર પ્રસ્તુત કરવા માટે એક વિશિષ્ટ પ્રકારની ભટ્ટંભટ્ટીય શૈલીનો રમણભાઈ પહેલા દલપતરામ ઉપયોગ કરેલ છે.

આ નાટકમાં એકોકિત પણ નાટયાત્મક રજૂ કરી છે. દા.ત. "જીવરામ (જાગીને) હે પ્રભુ, લઘુશંકા કરવા ખાળે જવાની જરૂર છે, હવે ખાળ શી રીતે જડશે ? કદાપિ ખાળે જઈ પહોંચીએ પણ પાછા આવતી વખતે ખાટલો નહિ જડે, અને કોઈક બીજાની પથારીએ જઈ ચડીએ તો મોટી ફજેતી થાય? હવે શું કરવું ? હે ઈષ્ટદેવ મારી તું લાજ રાખજે વાર્, આ પાઘડીનો છેડો ખાટલાના પાયા સાથે બાંધીએ અને બીજો છેડો હાથમાં રાખીને ખાળે જઈએ."

અહીં જીવરામ ભટ્ટ પોતાની સાથે મોટેથી વાત કરે છે, પણ પ્રેક્ષકને પકડમાં રાખે એ પ્રકારે સંવાદભાષા રાખી છે. આ અભિનય કરવાની તક પણ સંવાદ દ્વારા પૂરી પાડી છે.આમ દલપતરામ ગુજરાતીમાં આજસુધીનું પહેલું સફળ નાટક લખી શકયા છે.

આમ, દલપતરામ સંવાદભાષા દ્વારા ભવાઈથી દશાંગુલ ઊંચુ નાટક આપણને આપે છે.

ભવાઈમાં જ પ્રકારની ગ્રામીણ ઉકિતઓ આવતી, એવી ગ્રામીણ ઉકિતઓ આ નાટકના સ્તરને નીચું લાવે છે.હાલના પ્રેક્ષકોને પણ રસપ્રદ પમાડે તેવું છે. દલપતરામના મિથ્યાભિમાનમાં પાત્રાનુસારે ભાષા, ક્યારેક પાત્રાનુસારે બોલી, એકોકિતઓ, ક્રિયાત્મકતા,પરસ્પર વચ્ચેની વાતચીતમા' સચવાયેલ લાંઘવ અને સચોટપણું અને અલ્પતમ દીર્ઘોકિતઓને લીધે આજે પણ આ નાટક ભજવવા યોગ્ય રહેલ છે. સ્વયંના દોષને છૂપાવવાનો મિથ્યા પ્રયત્ન અને જન્મ નામના અકસ્માતને કારણે પ્રાપ્ત જ્ઞાતિના મિથ્યા ગર્વનું પ્રતીક દલપતરામે જીવરામ ભટ્ટ દ્વારા જન્મેલું છે.

એથી આજની જેમ આવતી કાલે પણ આ કૃતિને નાટક તરીકે યાદ રાખવી પડશે.

**સંદર્ભસૂચિ :**

1. અર્વાચીન ગજરાતી સાહિત્યનો ઈતિહાસ - ડૉ. રમેશ એમ. ત્રિવેદી, આદર્શ પ્રકાશન : અમદાવાદ.
2. મિથ્યાભિમાન - સે. ડૉ. રમેશ એમ. ત્રિવેદી.
3. શબ્દસૃષ્ટિ - જુલાઈ 2015નો અંક.
4. દલપતરામ - એક અધ્યયન - હસિત બૂચ.પધ
5. ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ ગ્રંથ-3 "દલપતરામ' વિષયક પ્રકરણ - યશવંત શકલ.

International Research Journal of Humanities and Interdisciplinary Studies
IRJHIS